PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૪/ક્વા–૦૨/૧૭–૧૮/ 6676 તા. 11-10-17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
વાઢેર હીરાભાઈ બોઘાભાઈ,
ગામ: હડમતીયા નગર,
તા. તાલાલા
જી. ગીર – સોમનાથ
મો: ૯૫૭૪૮ ૨૭૯૧૯

વિષય :–નવા ખેત જોડાણ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૪–૦૮–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૭૪/ક્વા–૦૨/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી વેરાવળ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી,આકોલાવાડી

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૭૪/કવા–૦૨/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૨૭–૦૯–૧૭ | સ્થળ : જુનાગઢ |
|---|---|---|

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: વાઢેર હીરાભાઈ બોઘાભાઈ, ગામ: જુનાગઢ

રજુઆત કરનાર: અરજદાર શ્રી વાઢેર હીરાભાઈ બોઘાભાઈ હાજર રહેલ હતા.

વિરુધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી,આંકોલાવાડી (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી વેરાવળ)

રજુઆત કરનાર :ડી.વી.લાખાણી (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી વેરાવળ)

---

## : હુકમ :

ફરીયાદ : નવા ખેત જોડાણ બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓએ આંકોલવાડી પેટા વિભાગીય કચેરી મા તા.૩૧–૦૩–૨૦૦૮ ના રોજ રૂ.૨૦૦/– રસીદ નં. ૫૮૫૮૭૦ થી ભરેલ હોવા છતા, તેઓનુ ખેતીવાડી વીજજોડાણ આજદિન સુધી ચાલુ કરાયેલ ન હોય, આમ અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર જણાવે છે કે, અરજદાર શ્રી એ આંકોલવાડી પેટા વિભાગીય કચેરી માં નવા ખેતીવાડી વીજજોડાણ માટે, તેઓના સર્વે નંબર: ૯૮ /૧ પૈકી ૧ / પૈકી ૨ મા તા.૩૧–૦૩–૨૦૦૮ ના રોજ રૂ.૨૦૦/– રસીદ નં. ૫૮૫૮૭૦ થી ભરપાઈ કરી અને નોંધણી કરાવેલ હતી. જેમા અરજદાર શ્રી નો સામાન્ય પ્રતિક્ષાયાદી રજીસ્ટર નો ક્રમ નંબર: ૩૫/૨૦૦૮ તથા એસ.આર. નં.૧૩૪૨૬૧૪ છે. અરજદાર શ્રી ને તેમના અગ્રતાક્રમ મુજબ ભાવપત્રક તા.૦૮–૦૧–૧૪ થી પાઠવવામા આવેલ. સદર ભાવપત્રક હિરા બાઘા વાઢેર ગામ: વાડલા, તા.જી. : જુનાગઢ થી મોકલવામા આવેલ હતુ. આંકોલવાડી પેટા વિભાગીય કચેરી દ્વારા શરતચુક થી અરજદાર શ્રી ને હડમતીયા ગામ ને બદલે ગામ: વાડલા ખાતે ભાવપત્રક પાઠવવામા આવેલ, જે કચેરીને પરત મળેલ. આમ, સદર ક્ષતિ ને કારણે અરજદાર શ્રી ને ભાવપત્રક નિયત સમયમર્યાદા મા ન ભરાતા, નોટ પેઈડ કેન્સલ પીજીવીસીએલ દ્વારા કરવામા આવેલ છે. જેથી, ગ્રાહક ને કુદરતી ન્યાય ના સીધ્ધાંત મુજબ, નવુ ખેતીવાડી વીજજોડાણ મળે તે અંગે ની કાર્યવાહી કરવી જોઈએ. તેવો અભિપ્રાય પીજીવીસીએલ દ્વારા અપાયેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| **૩.૧** | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે – ફોરમ કમિટી ને જણાયેલ છે કે, સદર અરજદાર ને પીજીવીસીએલ દ્રારા શરતચુક થી હડમતીયા ગામ ને બદલે ગામ: વાડલા ખાતે ભાવપત્રક પાઠવવામા આવેલ હોવાથી, જે પીજીવીસીએલ ની કચેરીને પરત મળેલ. આમ, અરજદાર ને ભાવપત્રક મળેલ જ ન હોય, અરજદાર શ્રી દ્રારા ભાવપત્રક નિયત સમયમર્યાદા મા ન ભરાય શકે, તે હકકીકત ને ધ્યાને લઈ ને, અરજદાર ને ફરી વખત કુદરતી ન્યાય ના સીધ્ધાંત મુજબ – અરજદાર શ્રી પાસેથી જરૂરી અદ્યતન સ્થિતી ના દસ્તાવેજીક પેપર્સ મળ્યા બાદ, અને પીજીવીસીએલ કંપની ના નિયમ મુજબ તેની ખરાઈ કરીને – અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ સદર હુકમ ની નકલ મળ્યે થી દિન–૧૫ કે તેના કરતા શકય એટલા ઓછા સમયગાળા મા ભાવપત્રક આપવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે,– અરજદાર ને ફરી વખત કુદરતી ન્યાય ના સીધ્ધાંત મુજબ – અરજદાર શ્રી પાસેથી જરૂરી અદ્યતન સ્થિતી ના દસ્તાવેજીક પેપર્સ મળ્યા બાદ, અને પીજીવીસીએલ કંપની ના નિયમ મુજબ તેની ખરાઈ કરીને – અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ સદર હુકમ ની નકલ મળ્યે થી દિન–૧૫ કે તેના કરતા શકય એટલા ઓછા સમયગાળા મા ભાવપત્રક આપવાનો પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.